# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૦૭/૦૬/૨૦૧૭

તંત્રી શ્રી, ____________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## તેલુગુ પદ્મશાળી સમાજના બ્રેનડેડ સિધ્ધમાં સૈલું ગડ્ડાસ અને હળપતિ સમાજના બ્રેનડેડ સુખાભાઈ નરોત્તમભાઈ રાઠોડના પરિવારે કિડની, લીવર અને ચક્ષુનું દાન કરી માનવતા પ્રસારી સમાજને નવી દિશા બતાવી. ડોનેટ લાઈફ દ્વારા એક જ દિવસે બે બ્રેનડેડ પરિવારજનો સાથે સમજણ કેળવી ૪ કિડની, ૨ લીવર અને ૨ ચક્ષુઓનું દાન કરાવીને ૮ વ્યક્તિઓને નવ જીવન અને રોશની અપાવી.

**(1) નામ: સિધ્ધમાં સૈલું ગડ્ડાસ ઉ. વ. ૫૮ બ્લડ ગ્રુપ: O+ve**

રહેવાસી: ૫૫, કૈલાશનગર સોસાયટી-૨, ગોડાદરા નહેર પાસે, આસપાસ, સુરત.

મૂળ રહેવાસી :જી: વરંગલ, ગામ. રંગાપુર, રાજ્ય.તેલંગાણા

કૌટુંબિક વિગત : પુત્રો: ૧. રવિ સૈલું ગડ્ડાસ ઉ. વ. ૩૪

એસ. કે. નગર સોસાયટીમાં આવેલ વિવિંગ ખાતામાં લુમ્સ કારીગર તરીકે કામ કરે છે.

૨. કિરણ સૈલું ગડ્ડાસ ઉ. વ. ૩૨

ટેક્ષટાઈલના માર્કેટમાં આવેલ એક ફર્મમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવે છે.

૨..


**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation




<u>બનાવની વિગત:</u>

સોમવાર તા: ૦૫ જુન, ૨૦૧૭ ના રોજ સિધ્ધમાંએ સવારે ઉઠીને બ્રશ કર્યા બાદ તેમના દીકરા રવિ અને કિરણ ને માથામાં દુ:ખવાની અને ચક્કર આવવાની ફરિયાદ કરી અને ત્યારબાદ બેહોશ થઇ જતાં તેમને તાત્કાલિક સ્મીમેર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યાં. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે સનશાઈન ગ્લોબલ હોસ્પીટલમાં સવારે ૯:૩૦ કલાકે ઈન્ટેટસીવીસ્ટ ડૉ. અનુજ કલાર્કની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યાં. ત્યાં નિદાન માટે CT સ્કેન કરાવતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

મંગળવાર તા. ૦૬ જુન, ૨૦૧૭ ના રોજ ન્યુરોસર્જન ડૉ. આશીત દેસાઈ અને ઈન્ટેટસીવીસ્ટ ડૉ. અનુજ કલાર્કે સિધ્ધમાં ને બ્રેનડેડ જાહેર કર્યા.

ઈન્ટેટસીવીસ્ટ ડૉ. અનુજ કલાર્કે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી સિધ્ધમાં ના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હૉસ્પિટલ પહોંચી ઈન્ટેટસીવીસ્ટ ડૉ. અનુજ કલાર્ક સાથે રહી સિધ્ધમાં ના પુત્રો રવિ અને કિરણ અને અન્ય પરિવારજનોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

સિધ્ધમાં ના પુત્રો રવિ અને કિરણે જણાવ્યું કે અમારા માતૃશ્રી બ્રેનડેડ છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત છે ત્યારે તેઓનું શરીર બળીને રાખ થઇ જાય, તેના કરતા કોઈકના લાડકવાયાને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો. વધુમાં તેઓએ જણાવ્યું કે અમે વારંવાર ઓર્ગન ડોનેશનના ન્યુઝ સમાચારોમાં જોતા હતા, તેથી જ્યારે આજે અમારા માતૃશ્રી બ્રેનડેડ છે તો અંગદાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવું જોઈએ.

<u>(૨) નામ: સુખાભાઈ નરોત્તમભાઈ રાઠોડ ઉ. વ.૫૫ બ્લડ ગ્રુપ: A+ve</u>

વ્યવસાય: ખેતરમાં ખેત મજુરનું કામ કરતા હતા.

રહેવાસી: તળાવ ફળીયું, જુના હળપતિવાસ, ગામ: મંડરોઈ, તા: ઓલપાડ, જી: સુરત

મૂળ રહેવાસી : ગામ: સુણેવકલ્લા, તા: હાંસોટ, જી: ભરૂચ

કૌટુંબિક વિગત :પત્ની: સુમનબેન સુખાભાઈ રાઠોડ ઉ. વ.૪૨

પુત્રીઓ: ૧. જસુબેન સુરેશભાઈ રાઠોડ ઉ. વ.૨૪

૨. પારૂલબેન સુનિલભાઈ રાઠોડ ઉ. વ. ૧૯

3....


**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014



બનાવની વિગત:

બુધવાર તા. ૧ જુન, ૨૦૧૭ના રોજ સુખાભાઈ તેમના પત્ની સુમનબેન અને ગામના અન્ય સભ્યો સાથે પાવાગઢ માતાજીના દર્શન કરવા માટે ગયા હતા. ત્યારે મંદિરના પગથીયા ચડતી વખતે પગ સ્લીપ થઇ જવાથી તેઓ પડી ગયા હતા અને માથામાં ગંભીર ઈજાઓ થઇ હતી. અને તેઓ બેભાન થઇ ગયા હતા. ત્યાંથી તેમના ધર્મ પત્ની અને ગામના અન્ય સભ્યો તેમને બેભાન હાલતમાં મંડરોઈ ગામે લાવ્યા. અને ઓલપાડની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયા. ત્યાં ડોક્ટરોએ તેમને પ્રાથમિક સારવાર આપી નવી સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવા જણાવ્યું. ત્યારબાદ તાત્કાલિક ધોરણે તેમને નવી સિવિલ હોસ્પીટલમાં સર્જરી વિભાગના વડા ડો. નિમેશ વર્મા અને ડો. બીના વૈદ્યની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. નિદાન માટે CT સ્કેન કરાવતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

મંગળવાર તા. ૦૬ જુન, ૨૦૧૭ના રોજ ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી અને ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરાએ સુખાભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

સિવિલ હોસ્પીટલના રેસીડેન્ટ ડૉ. નિલેશભાઇ કાછડીયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી સુખાભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી સુખાભાઈની પુત્રીઓ જસુ અને પારૂલ, ભાઈ રમેશ, કાકા બુધાભાઈ, જમાઈ સુરેશ અને સુનિલને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

સુખાભાઈની પુત્રીઓ જસુબેન અને પારૂલબેન, ભાઈ રમેશભાઈ, કાકા બુધાભાઈ, જમાઈ સુરેશભાઈ અને સુનિલભાઈએ જણાવ્યું કે જીવનમાં અમારી પાસે દાન કરવા જેવી કોઈ વસ્તુ નથી પરંતુ આજે જયારે અમારું સ્વજન બ્રેનડેડ છે ત્યારે તેઓના અંગોનું દાન કરીને કિડની અને લિવર નિષ્ફળતાના દર્દીઓને

નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

આમ બંને પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કૉ.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. પ્રાંજલ મોદી અને તેમની ટીમે આવી ચાર કિડની અને બે લીવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન નવી સિવિલ હોસ્પીટલના આંખ વિભાગના ડોક્ટરોએ સ્વીકાર્યું.

૪....

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014




દાનમાં મેળવવામાં આવેલી ચાર કિડનીઓ પૈકી બે કિડની અમદાવાદના રહેવાસી હરેશ ગોવિંદભાઈ સાળુંકે ઉ.વ. ૬૦, ત્રીજી કિડની વડોદરાના રહેવાસી જયકૃષ્ણ પંડ્યા ઉ.વ. ૨૪ અને ચોથી કિડની વલસાડના રહેવાસી જીનલભાઈ દારાસિંગભાઈ પટેલ ઉ.વ. ૨૧ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે બે લીવર પૈકી એક લીવર અમદાવાદના રહેવાસી પારસ ચીનુભાઈ જાની ઉ. વ. ૪૫ અને બીજું લીવર રાજકોટના રહેવાસી બકુલ નીલમભાઈ વૈષ્ણવ ઉ. વ. ૫૨માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ ચારેય કિડની અને બંને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. પ્રાંજલ મોદી , ડૉ. જમાલ રિઝવી, ડૉ. સુરેશ કુમાર, ડૉ. વૈભવ સુતરીયા, ડૉ. વિકાસ પટેલ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં સિધ્ધમાંના બંને પુત્રો રવિ અને કિરણ, સુખાભાઈની પુત્રીઓ જસુ અને પારૂલ, ભાઈ રમેશ, કાકા બુધાભાઈ, જમાઈ સુરેશ અને સુનિલ, સનશાઈન ગ્લોબલ હોસ્પીટલના ઈન્ટેટસીવીસ્ટ ડૉ. અનુજ ક્લાર્ક, ન્યુરોસર્જન ડૉ. આશીત દેસાઈ, ડૉ. મેહુલ મોદી, ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા, નવી સિવિલ હોસ્પીટલના સર્જરી વિભાગના વડા ડૉ. નિમેશ વર્મા, ડૉ. બીના વૈદ્ય, રેસીડન્ટ ડૉ. નિલેશ કાછડીયા, સનશાઈન ગ્લોબલ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, નવી સિવિલ હોસ્પીટલનો સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, CEO નીરવ માંડલેવાલા, નિમિત પટેલ, સુભાષ જોધાણી અને ધવલ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૯૯ કિડની, ૭૬ લીવર, ૫ પેન્ક્રીઆસ, ૧૧ હૃદય અને ૧૭૬ ચક્ષુઓનો દાન મેળવીને ૪૬૫ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.


**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626